**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**
**વરીયાવી બજાર પોલીસ ચોકીની**
**સામેની ગલી, ધાસ્તીપુરા,**
**સુરત.**

**સુરત મહાનગરપાલિકા**
**ફોન નં. (૦૨૬૧)૨૪૨૮૫૫૭,**
**(૦૨૬૧)૨૪૨૭૫૫૧,**
**(૦૨૬૧)૨૪૨૯૫૫૧.**

ભાવપત્રક એફોર્ડેબલ હાઉસીંગ સેલ/આઉટ/નં.૧૬૫૮
તારીખ: ૦૬/૧૦/૨૦૨૫

પ્રતિ,

ઈજારદારશ્રી,

.......................................

.......................................

.......................................

વિષયઃ **સુરત મહાનગરપાલિકાના એફોર્ડેબલ હાઉસીંગ સેલની કચેરી ખાતે ઝેરોક્ષ મશીન ખરીદવા બાબત.**

સુરત મહાનગરપાલિકાના એફોર્ડેબલ હાઉસીંગ સેલની કચેરી ખાતે નવુ ઝેરોક્ષ મશીન ખરીદવાનાં કામે નવી ટેકનોલોજી, ફેસીલીટી વાળુ અલગ કેપેસીટી ધરાવતા મશીનની રૂા.૨,૦૦,૦૦૦/– **(G.S.T સહિત)** ની મર્યાદામાં નીચે સહી કરનાર સમક્ષ તા.૩૦/૧૦/૨૦૨૫ નાં રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં બંધ કવરમાં ભાવપત્રકો મોકલવાનાં રહેશે.

| SR.NO | DETAILS |
|---|---|
| 1 | Digital Multifunctional Copier Machine(Copy, Print, Colour Scan) |
| 2 | Minimum 35 CPM Speed. A3 Size |
| 3 | Duplex Unit (ADU) |
| 4 | Reverse Automatic document feeder (RADF) |
| 5 | RAM (Memory) 4GB With Network Printer & Colour Scanner |
| 6 | Warranty - One Year From The Date Of Installation |
| 7 | Scan To USB , USB To Print |
| 8 | Scan To E-Mail, Scan To Folder, Scan to PDF |
| 9 | Minimum Hard disc (640 GB) SSD |
| 10 | maximum paper capacity |
| 11 | Laser print Technology |
| 12 | Total 2 main tray Capacity (550 Sheets*2) |
| 13 | By pass -100 sheets |

બિડાણ :– ભાવપત્રકની શરતો અને બોલીઓ

SD
પર્સોનેલ ઓફિસરશ્રી,
એફોર્ડેબલ હાઉસીંગ સેલ
સુરત મહાનગરપાલિકા.

**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**
**વરીયાવી બજાર પોલીસ સ્ટેશનની સામેની ગલી,**
**ધાસ્તીપુરા,સુરત. ૩૯૫૦૦૩**

સુરત મહાનગરપાલિકા
એફોર્ડેબલ હાઉસીંગ સેલ

---

## ભાવપત્રકની શરતો અને બોલીઓ

| | |
|---|---|
| ૧. | સપ્લાયર્સ દ્વારા સંસ્થા રજીસ્ટ્રેશનની સ્વપ્રમાણિત કરેલ હાર્ડકોપી તેમજ સદરહું ભાવપત્રકની મૂળ/ નકલ સહી–સિકકા સહિત બંધ કવરમાં અચૂક રજૂ કરવાનાં રહેશે. અને કવર ઉપર કામનું વર્ણન, રેફરન્સ નંબર તેમજ ભાવપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખનો ઉલ્લેખ કરી એફોર્ડેબલ હાઉસીંગ સેલ સુરતને નિર્ધારીત તારીખ સુધીમાં મોકલી આપવાનું રહેશે. ત્યારબાદ મળેલ ભાવપત્રક/ઓફર સ્વીકારવામાં આવશે નહી. તે અંગેનો અબાધિત હકક એફોર્ડેબલ હાઉસીંગ સેલને જ રહેશે. |
| ૨. | ભાવપત્રક મંજુર કરવામાં આવે તે ઈજારદારે અત્રેથી આપવામાં આવનાર વર્કઓર્ડરમાં જણાવેલ સ્થળ પર દરેક આઈટમ ઈન્સ્ટોલેશન કરી ચાલુ હાલતમાં સુપ્રત કરવા સુધીની કાર્યવાહી કરવાની રહેશે. તથા અત્રેના સ્થળ સુધી પહોંચાવા અંગેનો કોઈ પણ ટ્રાન્સપોર્ટેશન જેવો ચાર્જ અલગથી ચુકવવામાં આવશે નહી. |
| ૩. | બીલની ચુકવણી ઓનલાઈન કરવામાં આવતી હોવાથી ઈજારદારે સુરત મહાનગરપાલિના હિસાબી વિભાગ માંથી પાર્ટીકોડ મેળવવાનો રહેશે અથવા સુરત મહાનગરપાલિકામાં ઈજારદાર પાર્ટીકોડ ધરાવતો હોઈ તો પેમેન્ટ અંગે પાર્ટીકોડનું બેંક એકાઉન્ટની ચકાસણી કરી કાર્યરત પાર્ટીકોડ રજુ કરવાનો રહેશે. |
| ૪ | સુરત મહાનગપાલિકા જરૂર જણાયે શરતોમાં ફેરફાર કરી શકશે જે ઈજારદારને બંધન કર્તા રહેશે. |
| ૫ | સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ અત્રેના વિભાગને જરૂરી મંજુરી મળ્યેથી તથા સુરત મહાનગપાલિકા ના એકાઉન્ટ/ ઓડિટ વિભાગ ધ્વારા જરૂરી માપદંડોની પૂર્તિને આધિન ચુકવણી પ્રકિયા પૂર્ણ થયા બાદ બીલની ચુકવણી કરવામાં આવશે. |
| ૬ | ઝેરોક્ષ મશીન તદન નવી સ્થિતિમાં અને મૂળ બનાવટના મોડેલ સાથે ઓછામાં ઓછી એક વર્ષની વોરંટી સાથે હોવા જોઈએ. ભાવ પત્રક ખોલાવ્યા બાદ એલ–૧ આવેલ સપ્લાયર્સ દ્વારા જણાવેલ બ્રાન્ડ મુજબ સાધનોની વિગત અત્રેની કચેરીને દર્શાવવાના રહેશે. વિગત દર્શાવતા બ્રાન્ડમાં તફાવત જણાયેથી કામની સોપણી કરવામાં આવશે નહી. |
| ૭ | સુરત મહાનગરપાલિકા દ્વારા એકવાર મંજુર થયેલા ભાવો બાબતે ભાવો મંજુર કર્યા બાદ પાછળથી કોઈપણ જાતના ભાવમાં ફેરફારની માંગણી માન્ય રાખવામાં આવશે નહી. |
| ૮ | માત્ર અધિકૃત ડીલર કે જેમની પાસે OEM પાસેથી ઉપરોકત ઉલ્લેખિત મશીનના સપ્લાય માટે માન્ય પ્રમાણપત્ર હોય તે જ ભાગ લઈ શકશે. તે જ માટે માન્ય પ્રમાણપત્રની નકલ જોડવી ફરજીયાત છે. |
| ૯ | ઉકત કામ અંગે કોઈ તર– તકરાર ચલાવી લેવામાં આવશે નહી તેમ છતાં તમામ વિવાદ સુરત કોર્ટની હકુમતને આધિન રહેશે. |
| ૧૦ | મશીનની ડિલીવરી વર્કઓર્ડર ઈસ્યુ થયાના ૨૫ કાર્યકારી દિવસોમાં થવી જોઈએ. |
| ૧૧ | કામ અંગેના તકરારી મુદ્દામાં સક્ષમ સત્તાધિશનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. |
| ૧૨ | કવોટેશન સ્વીકારવાની આખરી તારીખના કામકાજના બીજા દિવસે અનુકુળતા હશે તો અથવા અન્ય અનુકુળ દિવસે/ સમયે કવોટેશનો ખોલવામાં આવશે. |
| ૧૩ | જે ઈજારદારનાં ભાવપત્રક મંજુર કરવામાં આવે તે સપ્લાયર્સે અત્રેથી આપવામાં આવનાર વર્કઓર્ડરમાં જણાવેલ સ્થળ પર દરેક સાધનો સારી હાલતમાં સુપ્રત કરવા સુધીની કાર્યવાહી કરવાની રહેશે, ઉપરાંત સુરત મહાનગરપાલિકાના નિયમાનુસાર કુલ રકમના ૨% લેખે સીકયુરીટી ડિપોઝીટ ભરવાની રહેશે. |
| ૧૪ | કોઈ પણ ભાવો કે તેના સાધનો માટેના ભાવો સ્વીકારવાના અથવા તમામ ભાવ દફતરે કરવાનો અબાધિત અધિકાર સુરત મહાનગરપાલિકાને રહેશે તથા તે માટે કોઈપણ કારણો આપવામાં આવશે નહી. |
| ૧૫ | સેવાઓ માટે પોસ્ટ અથવા કુરિયર ધ્વારા અથવા રૂબરૂ માં ભાવપત્રો મોકલવા વધુ પસંદનીય છે. |
| ૧૬ | ઈજારદાર સુરત મહાનગપાલિકાનુ ઈન્વોઈસ સબમીટ કરશે જેમાં સુરત મહાનગપાલિકાનો GSTIN નંબર દર્શાવેલ હશે અને ITC કલેઈમ કરવા માટે ઈનવોઈસ પર ટેકસ અલગથી દર્શાવવામાં આવશે. |
| ૧૭ | ગુજરાત સરકારશ્રીનાં રૂા.૩૦૦/– નાં સ્ટેમ્પ પેપર ઉપર કરારનામું, સ્યોરીટી તથા અન્ડરટેકીંગ ઈન કનેકશન વીથ ધ વર્ક ઓફ વર્કઓર્ડર મળ્યેથી દિન–૧૫ માં અચુક કરી આપવાનું રહેશે. |
| ૧૮ | સીકયુરીટી ડીપોઝીટ તરીકે સુરત મહાનગરપાલિકામાં વર્કઓર્ડર મળ્યાની તારીખથી દિન – ૧૫ (પંદર) માં જમા કરાવવાના રહેશે. તેમ કરવાની ચૂક થશે તો ૦.૦૬૫% પ્રતિ દિન પર પેનલ્ટી ચૂકવવાની રહેશે. સીકયુરીટી ડીપોઝીટની રકમ કામ સંતોષકારક રીતે પૂર્ણ થયેથી પરત કરવામાં આવશે. |

SD

પર્સોનેલ ઓફિસરશ્રી,
એફોર્ડેબલ હાઉસીંગ સેલ
સુરત મહાનગરપાલિકા.

ઉપર જણાવ્યા મુજબની તમામ શરતો મેં વાંચી છે સમજી છે.જે તમામ મને બંધનકર્તા છે અને રહેશે.

ઈજારદારની સહી:

તારીખ:

સ્થળ: